DATE: 02/01/2023 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE–01

# રખડતા આખલાને પકડી કતલખાને લઈ જતાં 2 ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ બી ડિવિઝન પોલીસની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, એક બોલેરો પિકઅપમાં કતલ કરવા ખાટકીવાડમાં આપવાના ઈરાદે ગાયોનું વહન થઈ રહ્યું છે. જેના પગલે ટીમે વોચ ગોઠવી હતી. દરમિયાનમાં બાતમી મુજબની પીકઅપ આવતાં ટીમે તેને રોકી ડ્રાઈવર તેમજ તેની સાથેનાની પુછપરછ કરતાં તેમના નામ ધર્મેશ વજા આહિર (રહે. નવી વસાહત, વડદલા) તેમજ અરવિંદ નાથુ આહિર (રહે. કરમાડ) હોવાનું માલુમ પડ્યું હતું. પીકઅપમાં તપાસ કરતાં તેમાં એક આખલાને ટૂંકા દોરડાથી ક્રૂરતા પુર્વક બાંધેલો મળી આવ્યો હતો. જે અંગે પુછતાં તેમણે કબુલાત કરી હતી કે, તવરા ગામેથી તેમણે રખડતાં આખલાને પકડ્યો હતો. જેને તેઓ ભરૂચના ખાતકીવાડમાં કતલ કરવા માટે આપવા જઈ રહ્યાં હતાં. પોલીસે બન્ને વિરૂદ્ધ પ્રાણી પ્રત્યે ઘાતકીપણાનો કાયદો 1960ની કલમ 11(1) (એ), (ડી), (ઈ), (એફ), (એચ) તેમજ પશુસંરક્ષણ અધિનીયમ 1954ની કલમ 6(એ)(1), 6(એ)(3), 5(1), 5(1-એ) તથા જીપીએક્ટ કલમ 119 અને એમવી એક્ટ 177,123 હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### 31મી ડિસેમ્બરની રાત્રે જિલ્લા સૌથી વધુ 28 લોકો અંકલેશ્વરમાં પકડાયા

# પોલીસે 116 પિધેલાઓની ઉજવણીના રંગમાં ભંગ પાડ્યો

ભાસ્કરન્યૂઝ | ભરૂચ | અંકલેશ્વર

ભરૂચ શહેર જિલ્લામાં 31ની ડિસેમ્બરની વર્ષની અંતિમ રાત અને નવા વર્ષને આવકારવા માટે યુવાધન થનગની રહ્યું હતું. રાત્રીના સમયે શહેર જિલ્લાના વિવિધ પોઈન્ટ પર પોલીસ દ્વારા બ્રેથ એનેલાઈઝરની મદદથી પિધેલાઓને પકડવાની કાર્યવાહી કરતાં રાત્રીભરમાં કુલ 116 જેટલા નશેબાજો પોલીસના સકંજામાં સપડાયાં હતાં. પોલીસે 25મીથી 31 ડિસેમ્બર સધીમાં 523 પ્રોહિબિશનના કેસ કર્યાં હતાં. જ્યારે ગત રાત્રે જાહેરનામાના ભંગના 5 કેસ કર્યાં હતાં.

ભરૂચ, અંકલેશ્વર શહેર સહિત જિલ્લાભરમાં તમામ પોલીસ હાઈવે, બ્રિજ, સર્કલ, ચોકડી અને પોઈન્ટો ઉપર ચેકીંગમાં ગોઠવાઈ ગઈ હતી. ખરાબ ડ્રાઈવિંગ, ડ્રીંક એન્ડ ડ્રાઈવ, અન્ય અસામાજિક પ્રવૃત્તિ સામે પોલીસની ટીમોએ ઠેર ઠેર ચેકીંગ હાથ ધર્યું હતું.જેમાં રાત સુધીમાં જ જિલ્લાના 13 પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં 49 પીધેલાઓના કેસ કરાયા હતા. જેઓએ નવા વર્ષની રાત લોકઅપમાં પોલીસના વિશેષ મહેમાન બની ગુજારવાનો વારો આવ્યો હતો. સૌથી વધુ અંકલેશ્વરમાં 28 પીધેલાઓ પકડાયા હતા. જિલ્લામાં રાત સુધીમાં પીધેલાઓની અડધી સદી વાગી ગઈ હતી.આ ઉપરાંત ઉમલ્લામાં 4, ભરૂચ સી ડિવિઝનમાં 3, આમોદ, નબીપુર, નેત્રંગ અને વેડચમાં બે બે, જ્યારે જંબુસર, દહેજ મરીન, પાલેજ, ભરૂચ રૂરલ, રાજપારડી અને હાંસોટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રાતે ચેકીંગ દરમિયાન લથડીયા ખાતા એક એક પીધેલા પકડાયા હતા.

**DATE: 02/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# અંકલેશ્વરમાં હોટલ માલિક સામે ગુનો દાખલ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર માંથી પસાર થતા નેશનલ હાઈવે પર કાપોદ્રા ખાતે આવેલ પલ્સ હોટલના સંચાલક શેલીયા ઈમરાનએ પણ પથિક સોફ્ટવેરમાં ગ્રાહકોની એન્ટ્રી નહીં કરી હોવાનું ધ્યાન પર આવ્યું હતું. સોફ્ટવેર ઈન્સ્ટોલ કર્યા બાદ કેટલાક ગ્રાહકો ની અંદર એન્ટ્રી કરી ના હતી. ને ઓછી એન્ટ્રી બનાવી હતી જેને લઇ એસ.ઓ.જી પીએસઆઈ એ.વી. શિયાળીયાએ હોટલ સંચાલક વિરૂદ્ધ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

### LCBએ ઝડપેલાં બે તસ્કરોએ ગુનો કબુલ્યો

# નવા બોરભાઠા ગામમાં થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબીએ એક મહિના અગાઉ ઝડપી પાડેલા તસ્કરો એક બાદ એક ગુનાની કબુલાત કરી રહયાં છે. બંને તસ્કરોએ અંકલેશ્વર તાલુકાના નવા બોરભાઠા ગામમાં થયેલી ઘરફોડ ચોરીની કબુલાત કરતાં પોલીસે તેમનો ટ્રાન્સફર વોરંટથી કબજો મેળવ્યો છે.

ગત 23 જૂન 2022 અંકલેશ્વર તાલુકાનાંનવા બોરભાઠા ગામ ખાતે પટેલ ફળીયામાં ભાડા નું મકાન રાખી રહેતા અને મજૂરી કામ કરતા દેવજીભાઈ ગામીત પોતાની પત્નીને લેવા માટે મૂળ વતન કરંજવેલ ગામ ખાતેગયા હતા. જ્યાંથી બપોરે 3 વાગ્યે તેઓ પરત આવ્યા હતા જ્યાં ઘરના દરવાજા નો નકુચો તૂટેલો હતો. તેઓ ઘરની અંદર પ્રવેશ કરી જોતા તિજોરી તૂટેલી હતી અને રૂમ માં સમાન વેર વિખેર હતો. ઘરમાંથી 64 હજાર રૂપિયાની ચોરી અંગે ફરિયાદ નોંધાઈ હતી.

ભરૂચ એલસીબી પોલીસે આણંદના મનસુખ બાબુ કલાણીઅને રાજસ્થાનના અને હાલ ભરૂચ રહેતા જગદીશ હસ્તીમલ સોની ની ઝડપી પાડ્યા હતા જેમની પૂછપરછ માં 6 જેટલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો હતો જેમાં અંકલેશ્વર નવા બોરભાઠામાં પટેલ ફળીયા માં કરેલ ચોરી ની પણ કબૂલાત કરી હતી જે આધારે બંને આરોપી ને અંકલેશ્વર શહેર પોલીસ સબ જેલમાંથી ટ્રાન્સફર વોરન્ટ પર લઈ આવી વધુ પૂછપરછ આરંભી હતી. તસ્કરોએ ભરૂચ જિલ્લામાં અનેક સ્થળોએ ચોરી કરી હોવાની સંભાવના પોલીસ જોઈ રહી છે.

**DATE: 03/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# આમોદમાં જુગાર રમતાં 5 ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

આમોદ પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, ચામળિયા સ્કૂલ પાસેના બંધ થિએટર નજીક બાવળિયામાં કેટલાંક શખ્સોએ બાવળિયામાં જુગારની મહેફિલ જમાવી છે. જેના પગલે ટીમે સ્થળને ચારેય તરફથી ઘેરી લઇ દરોડો પાડ્યો હતો. પોલીસની રેડ પડતાં જુગારિયાઓમાં દોડધામ મચી ગઇ હતી. જોકે, 5 જુગારિયાઓને પોલીસે દબોચી લીધાં હતાં. તેમના નામ વિનોદ ભીખા વસાવા, દિલીપ રમેશ વસાવા, પ્રવિણ સુરેશ વસાવા, જયેન્દ્ર ઉર્ફે ગટ્ટુ જયંતી વસાવા તેમજ જગદિશ જીવા વસાવા હોવાનું માલુમ પડ્યું હતું.

**DATE: 03/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# રીક્ષામાં દારૂની ખેપ મારતાં બે ઝડપાયાં

ભરૂચ | નબીપુર પોલીસની ટીમ હાઈવે પર પેટ્રોલિંગમાં હતી તે વેળાં ચોક્કસ બાતમી મળી હતી કે, એક રીક્ષામાં વગુસણા ગામે વિદેશીદારૂની હેરાફેરી થવાથી છે. જેના પગલે ટીમે તુરંત વગુસણા ગામ પાસે જમાદાર ફાર્મ હાઉસ પાસે આવતાં બાતમી મુજબની રીક્ષા દેખાતાં તેને રોકી તપાસ કરતાં ડ્રાઈવર સીટ પર બેસેલાં શખ્સનું નામ મનોજ અંબાલાલ પાટણવાડિયા (રહે. પિપળા ફળીયુ, વગુસણા) તેમજ પાછળ બેસેલાં શખ્સનું નામ કલ્પેશ મથુર ઠાકોર (રહે. નિશાળ ફળીયું, વગુસણા) હોવાનું માલુમ પડ્યું હતું. તેઓ પાસેની બેગમાં કુલ 3500ની મત્તાનો વિદેશીદારૂ ભરેલો મળી આવ્યો હતો. ટીમે તેમની પાસેથી દારૂનો જથ્થો તેમજ રીક્ષા મળી કુલ 53 હજારથી વધુનો મુદામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 04/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

ગાંજાની પીપરમીન્ટ જેવી ગોળીઓ બનાવી કાનપુરથી ટ્રાવેલ્સની લકઝરી બસ મારફતે 1,100 કિમી દૂર સુરત પહોંચાડવાનું કૌભાંડ

# ભરૂચમાંથી 1.57 કરોડના ગાંજા સાથે 5 ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ગુજરાતમાં ખાસ કરીને ઓરિસ્સાથી ગાંજાનો જથ્થો ઘુસાડવામાં આવતો હોય છે પણ હવે ઉત્તરપ્રદેશના કાનપુરથી 1,100 કીમી દૂર સુરતમાં લકઝરી બસ મારફતે ગાંજો ઘુસાડવાના કૌભાંડનો ભરૂચ એસઓજીએ પર્દાફાશ કર્યો છે. આરોપીઓએ પોલીસથી બચવા માટે ગાંજાને પીપરમીન્ટની ગોળીઓ જેવો આકાર આપ્યો હતો પણ સુરતથી 70 કીમી દૂર લકઝરી બસ પોલીસના હાથે ઝડપાય હતી. બસમાં મુસાફરી કરતાં પાંચ પૈકી [illegible] પાસેથી આશરે 1,300 કીલો ગાંજો ઝડપાયો છે અને તેની બજાર કિંમત 1.57 કરોડ રૂપિયા જેટલી થવા જાય છે. જોકે, હજી પોલીસની કાર્યવાહી ચાલી રહી હોય ચોક્કસ ખુલાસા થઇ શક્યાં નથી.

ગુજરાતમાં તમે ગાંજાની ખેતી અથવા ઓરિસ્સાથી આવતાં ગાંજા વિશે સાંભળ્યું હશે પણ હવે ઉત્તરપ્રદેશથી વિપુલ પ્રમાણમાં ગાંજો ઘુસાડવાના કૌભાંડનો પર્દાફાશ થયો છે.

ભરૂચ એસઓજીની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, યુપી પાસિંગની એક લકઝરી બસમાં વિપુલ માત્રામાં નશીલા પદાર્થની હેરાફેરી કરવામાં આવી રહી છે. અન્ય રાજ્યમાંથી ગુજરાતમાં માદક પદાર્થ ઘુસેડવાના કારસાને ઝડપી પાડવા એસઓજીની ટીમ તુરંત એક્શનમાં આવી ગઇ હતી. ભરૂચના ઝાડેશ્વર ચોકડી પર ટીમે વોચ ગોઠવી હતી. દરમિયાનમાં બાતમી મુજબની ટ્રાવેલ્સની લકઝરી બસ આવતાં ટીમે તેને રોકી તલાશી લીધી હતી. બસમાં અલગ અલગ જગ્યાએ મુકેલાં થેલાઓમાં ગાંજાનો જથ્થો મુકેલો મળી આવ્યો હતો. ટીમે બે ડ્રાઇવર, એક ક્લિનર તેમજ બે શખ્સો મળી કુલ 5 જણાની ધરપકડ કરી હોવાનું તેમજ ટીમે તેમની પાસેથી કુલ 1.57 કરોડની મતાનો ગાંજો જપ્ત કર્યો હોવાનું સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

બસના લગેજ ખાનામાં પીપરમીન્ટની ગોળીના પેકિંગમાં લઇ જવાતો ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. એફ.એસ.એલ.ની મદદથી આ નશીલો પદાર્થ ગાંજો હોવાનું ફલિત થયા બાદ એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ આગળની કાર્યવાહી શરૂ કરાઇ છે. જોકે, પોલીસની કાર્યવાહી હજી ચાલી રહી હોઇ કુલ કેટલાંનો મુદ્દામાલ જપ્ત કર્યો છે તે સહિતનો કોઇ ચોક્કસ ખુલાસો થઇ શક્યો નથી.

## સુરતથી 70 કિમી દૂર લકઝરી બસ ઝાડેશ્વર ચોકડી પાસે સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ ટીમે ઝડપી પાડી

### કંપનીઓના લેબલવાળી ગોળીઓ બનાવી હતી

ગાંજાના જથ્થાને સરળતાથી હેરાફેરી કરી શકાય તે માટે તેને ગોળીનું સ્વરૂપ આપ્યું હતું. ગાંજો મિક્સ કરી ઔષધીની કે પિપરમીન્ટની ગોળી હોય તેવો આકાર આપી તેને કંપનીઓના લેબલવાળી થેલીઓમાં પેક કરવામાં આવ્યાં હતાં. જે બાદ તેને થેલાઓમાં ભરીને એક સ્થળેથી બીજા સ્થળે હેરાફેરી કરવામાં આવતી હતી.




### મુસાફરોને બીજા વાહનોમાં રવાના કરાયાં

અંદાજે 1.57 કરોડની મતાના ગાંજાની હેરાફેરીમાં ટ્રાવેલ્સ બસના ડ્રાઇવરો અને ક્લિનરની પણ સંડોવણી હોવાનું જણાઇ આવતાં એસઓજીએ લકઝરી બસ કબજે કરી હતી. જોકે, બસમાં અન્ય 15થી વધુ મુસાફરો પણ મુસાફરી કરતાં હોઇ તેમની પ્રાથમિક પુછપરછ કરી હતી. ઘટનાને પગલે મુસાફરોને રસ્તાની વચ્ચોવચ્ચ અટવાઇ જવાની સ્થિતી ઉભી થઇ હતી. પોતાની મંઝીલ સુધી પહોંચવાની ટીકીટ ખરીદી હોવા છતા મુસાફરો અટવાતા પોલીસે તેમને ઝાડેશ્વર ચોકડીથી અન્ય વાહનોમાં બેસાડી આપતાં તેઓ તેમની મંઝીલ સુધી પહોંચી શક્યાં હતાં.

### સુરતથી બે રિસીવર ઝડપાયાં

ગાંજાનો જથ્થો સુરત ખાતે પહોંચાડવાનો હોવાની કબુલાત ઝડપાયેલાં આરોપીઓએ કરી હતી. જેના પગલે સુરતની લોકલ એસઓજીની ટીમનો સંપર્ક કરી તેમને હકિકતથી વાકેફ કર્યાં હતાં. જેના પગલે સુરત એસઓજીએ ત્યાંથી બે રિસીવરને ઝડપી પાડ્યાં હોવાની પ્રાથમિક વિગતો મળી રહી છે.

### રેલ્વેના બદલે હવે બસમાં હેરાફેરી

ઓરિસ્સાથી ગાંજો તેમજ અફિણનો જથ્થો પહેલા કેરીયરો દ્વારા અને નાના કારોબાર સાથે સંકળાયેલા લોકો પહેલા રેલ્વે લાઇનનો ઉપયોગ કરતા હતા. જોકે મંગળવારે ઝડપાયેલા ગાંજાની હેરાફેરીના કિસ્સાને લઇ હવે તેઓએ નશિલા પદાર્થની હેરાફેરીનો રસ્તો બદલ્યો હોવાનું લાગી રહ્યું છે.

### પોલીસ કાર્યવાહી પૂર્ણ થયે વધુ ખુલાસા થશે

હાલમાં પોલીસ દ્વારા ટ્રાવેલ્સની બસના બે ડ્રાઇવર તેમજ એક ક્લિનર સહિત કુલ 5 આરોપીઓની ધરપકડ કરવામાં આવી હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળ્યું છે. જોકે, હજી પોલીસ કાર્યવાહી ચાલી રહી હોવાથી ગાંજાની હેરાફેરીની આખી વારદાતને તેઓ કેવી રીતે અંજામ આપતાં હતાં તેની સ્પષ્ટતા થઇ નથી. પોલીસ કાર્યવાહી પૂર્ણ થયે વધુ ખુલાસા થાય તેવી શક્યતાઓ છે.

**DATE: 05/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# ભરૂચમાં ચાઈનીઝ દોરીના હજારોના મુદ્દામાલ સાથે એકની ધરપકડ



ભરૂચ : આગામી દિવસોમાં મકરસંક્રાંતિનો તહેવાર આવી રહ્યો છે. આ તહેવારને ઉજવવા પતંગરસિકોમાં પણ અત્યારથી જ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પરંતુ આ વચ્ચે પણ એક ગ્રહણ પક્ષીઓથી લઈ માનવી સુદ્ધાના લોકો માટે મુસીબત લઇને આવતું અને તે ગ્રહણનું નામ છે. પતંગ ઉડાવવામાં વપરાતી 'ચાઈનીઝ દોરી' જે દર વર્ષની ઉજવણીમાં કેટલાય પરિવારોને તહેવારનો દિવસો માતમમાં ફેરવી નાંખતી હોય છે. ચાલુ વર્ષે પણ વડોદરામાં ચાઈનીઝ દોરીથી થોડા દિવસ અગાઉ ગળા કપાઈ જવાના બે જેટલા બનાવો પ્રકાશમાં આવ્યા છે, તેવામાં હવે પોલીસ વિભાગ પણ સતર્ક થયો છે. ભરૂચ પોલીસે પણ આ જ પ્રકારે ચાઈનીઝ દોરીનું વેચાણ કરતા એક ઈસમના રહેણાક મકાનમાં દરોડા પાડી હજારોના મુદ્દામાલ સાથે તેને ઝડપી પાડ્યો છે. ભરૂચના લલ્લુભાઈ ચકલા વિસ્તારમાં આવેલ ધ્રુમિલ કમલેશભાઈ ભાટિયા નામના ઈસમના મકાનમાં બાતમીના આધારે દરોડા પાડ્યા હતા. જ્યાં દરોડા દરમિયાન પોલીસે ૫૨ નંગ જેટલી ચાઈનીઝ દોરીની ફીરકીઓ સાથે કુલ ૧૩૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરી શહેર એ ડિવિઝન પોલીસે મામલે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 05/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# અંકલેશ્વર નજીક ખરોડ ચોકડી પાસે ગૌવંશ ભરેલી ગાડી ઝડપાઈ

અંકલેશ્વર: અંકલેશ્વર-ખરોડ ચોકડી નજીક ગૌરક્ષકોએ પોલીસના સહયોગથી ગૌવંશ ભરેલી ગાડીને ઝડપી ૧૦ જેટલા ગૌવંશને કતલખાને જતા પૂર્વે બચાવ્યાં હતાં. અંકલેશ્વર-ખરોડ ચોકડી નજીક ગૌરક્ષકો દ્વારા પોલીસના સહયોગથી ગૌવંશ ભરેલી ગાડીને ઝડપી પાડવામાં આવી હતી. કતલ કરવાના ઇરાદે ગૌવંશ ભરેલી ગાડી સુરતથી નીકળી ભરૂચ તરફ જઈ રહી હતી. દરમિયાન ગૌરક્ષકોને આ વાતની જાણ થતાં તેમણે તાત્કાલિક ધોરણે પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરતાં પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી હતી. પરંતુ આરોપી ગાડી છોડી નાસી છૂટ્યા હતા. ગૌવંશ ભરેલી ગાડીમાં કુલ ૧૦ જેટલા ગૌવંશને બચાવવામાં આવ્યા હતા. આ ઘટનાના પગલે પાનોલી પોલીસે ગાડી અને ગૌવંશનો કબજો મેળવી વધુ તપાસ આરંભી હતી.

### સાસરીમાં આત્મહત્યાનો પ્રયાસ કર્યા બાદ પિયરમાં રહેતી હતી

# આપઘાતના વિચારોથી ત્રસ્ત પરિણીતાનું કાઉન્સેલિંગ કરાયું

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

અંકલેશ્વરના એક ગામની યુવતીને અવાર-નવાર આત્મહત્યા કરવાના વિચારો આવતા હોય પરિવારે 181 મહિલા હેલ્પલાઈનમાં કોલ કરીને મદદ માંગી હતી. જેના આધારે 181 ની ટીમે સ્થળ પર પહોંચી યુવતીનું કાઉન્સિલિંગ કરીને મનોવ્યથા બહાર લાવવામાં સફળતા મેળવી હતી.

અંકલેશ્વર તાલુકાના એક ગામમાં રહેતી પરણીતા તેની સાસરીમાં સારી રીતે રહેતા હતાં. પરંતુ તેઓ કોઈપણ કારણ વગર વિચારમાં ખોવાયેલા રહેતા હતા. સાસરીમાં કોઈપણ કામ કરવામાં પણ ધ્યાન ન રહેતું હતું. આ બાબતોના કારણે સાસરીમાં પણ તેમને બોલાચાલી થતાં આત્મહત્યા કરવાનો પ્રયાસ પણ કર્યો હતો. જેથી આ મહિલાને આરામ અર્થે તેના પિયરમાં મોકલી આપી હતી.

જોકે પિયરમાં પણ તે નજીવી બાબતોમાં આવેશમાં આવીને બોલાચાલી કરતા હતાં. જેથી પરિવારજનોની તેના વિશે ચિંતા વધી ગઈ હતી. તેને એકલી પણ નહીં મુકવાની ચિંતામાં તેમણે 181 અભયમ મહિલા હેલ્પલાઈનમાં કોલ કરીને મદદની માંગ કરી હતી. 181 ની ટીમને કોલ મળતા જ રેસ્ક્યું વાન સાથે સ્થળ પર પહોંચી મહિલા સાથે આત્મીયતાથી વાતચીત દ્વારા તેઓને કોઈ મુશ્કેલી હોય તે જાણવાનો પ્રયત્ન કરેલો જેમાં તેઓને કોઈ કામ બતાવે, ખલેલ કરે કે બોલાવે તો ઉશ્કેરાઈ જાય છે.

તેઓને મનગમતી પ્રવૃતિ કરવા, ગીત સાંભળવા, પ્રાર્થના, યોગ વગેરે કરવા સંમત કર્યાં હતાં.

**DATE: 06/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# અંકલેશ્વરની સોનમ સોસાયટી પાસે જુગારધામ ઉપર પોલીસના દરોડા, સાત જુગારી ઝડપાયા

અંકલેશ્વર: અંકલેશ્વર જી.આઈ.ડી.સી.માં રાજપીપળા રોડ ઉપર આવેલી સોનમ સોસાયટીમાં ખુલ્લી જગ્યામાંથી જુગાર રમતા સાત જુગારિયાને પોલીસે ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે. ભરૂચ જિલ્લા પોલીસ વડા ડો.લીના પાટીલ અને નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ દ્વારા જિલ્લામાં પ્રોહિબિશન જુગારની અસામાજિક પ્રવૃત્તિ ચલાવતાં તત્ત્વોને અટકાવવા અંકલેશ્વર જી.આઈ.સી.સી. પોલીસમથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન બાતમી મળી હતી કે, રાજપીપળા રોડ ઉપર આવેલી સોનમ સોસાયટીમાં ખુલ્લી જગ્યામાં જુગારધામ ચાલી રહ્યું છે. બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડા મળી કુલ ૧૮ હજારથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને મીરાનગરમાં રહેતો જુગારી ધર્મેન્દ્રકુમાર રમેશચંદ્ર પ્રજાપતિ, દીપકસિંગ શિવવીરસિંગ સિંગ, કિપાશંકરકુમાર મુક્તિપ્રસાદ મંડલ અને રાહુલ શ્રીજશવંતસિંગ જાટ, નિર્દેશકુમાર વેચેલાલ રાઠોડ સહિત સાત જુગારિયાને ઝડપી પાડ્યા હતા.

અશુભ – રામ કબીર

# અંકલેશ્વરમાં લૂંટ વિથ ટ્રિપલ મર્ડરનો આરોપી 3 વર્ષે ઝડપાયો

ભરૂચ: અંકલેશ્વરના ઉટિયાદરા ગામે ત્રણ વર્ષમાં લૂંટ વિથ ટ્રિપલ મર્ડર પ્રકરણમાં વોન્ટેડ આરોપીને ભરૂચ પેરોલ ફર્લો સ્કવોડે ઝડપી પાડ્યો હતો.

ગત તા.17 સપ્ટેમ્બર, 2019ના રોજ રાતે અંકલેશ્વર ઉટિયાદરા ગામની સીમમાં પી.જી. ગ્લાસ નામની બંધ કંપનીમાં હથિયારો સાથે લૂંટારુઓએ કંપનીના 6 જેટલા સિક્યોરિટી ગાર્ડ પર હુમલો કરી આતંક મચાવ્યો હતો. આ હુમલામાં કંપનીના 3 સિક્યોરિટી ગાર્ડનું મોત નીપજ્યું હતું. આ સમગ્ર મામલે અંકલેશ્વર રૂરલ પોલીસ મથકમાં ખૂન અને ધાડનો ગુનો નોંધાયો હતો. જે ગુનામાં




આ ફરાર આરોપી પરેશ બટુકભાઈ સોલંકી (રહે.,તિલકનગર, તા.જિ. ભાવનગર, હાલ રહે., ગુરૂકૃપા સોસાયટી કેનાલ રોડ, કામરેજ, જિ.સુરત)ને ભરૂચ પેરોલ ફર્લો સ્કવોડની ટીમ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો છે. ત્રણ વર્ષથી આ આરોપી પોલીસને ચકમો આપી ફરાર હતો. જેને આખરે ભરૂચ પોલીસે જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

આરોપી વિરૂદ્ધ કાર્યવાહી કરી વધુ તપાસ માટે અંકલેશ્વર પોલીસને હવાલે કરવામાં આવ્યો છે. અંકલેશ્વર રૂરલમાં વિસ્તારમાં આવેલી એક કંપનીમાં ધાડપાડુઓ દ્વારા હુમલો કરી 3 સિક્યોરિટી જવાનોની હત્યા કરી છેલ્લા લાંબા સમયથી આરોપી નાસતા ફરેતા હતા.

આ ગુનામાં ધાડપાડુ ટોળકીએ હથિયારો સાથે કંપનીના 6 જેટલા સિક્યોરિટી ગાર્ડ પર હુમલો કરી આતંક મચાવ્યો હતો.

**DATE: 06/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# આંકડાનો જુગાર રમતો એક ઝબ્બે, એક વોન્ટેડ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

નેત્રંગ તાલુકાના પાંચસીમ ગામે રહેતો હસમુખ દલસુખ વસાવા તેના ઘરની આગળ અડાળીમાં બેસી આંકડા લખી જુગાર રમી રમાડે છે. જેના પગલે નેત્રંગ પોલીસની ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈએ આંકડા લખાવી રહેલાં શખ્સો ત્યાંથી ભાગી ગયાં હતાં. જોકે, હસમુખ ઝડપાઈ ગયો હતો. આંકડાને લઈને પોલીસે તેની પુછપરછ કરતાં ત ભેંસખેતર ખાતે રહેતાં મહેશ છત્રસિંગ વસાવાના કહેવાથી આંકડા લખે છે. જેના પગલે મહેશને વોન્ટેડ જાહેર કરી પોલીસે બન્ને વિરૂદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 06/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ભરૂચ શહેર તથા જિલ્લામાં પોલીસ વ્યાજખોરી સામે વિશેષ ઝુંબેશ ચલાવશે

# વ્યાજની પઠાણી ઉઘરાણી કરનારા ચેતજો વ્યાજખોરો સામે કાર્યવાહી માટે તૈયારી શરૂ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

સરકારના ગૃહ વિભાગની સૂચનાથી રાજ્યભરમાં વ્યાજખોરોના ચુંગાલમાં ફસાયેલાં લોકોને ન્યાય અપાવવા અને તેમને તેમના ચુંગાલમાંથી મુક્ત કરવા માટેની ખાસ ડ્રાઇવ શરૂ કરવામાં આવી છે. જેના ભાગરૂપે ભરૂચ જિલ્લામાં પણ પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી આશિષ ભાટીયાની સૂચનાથી ગેરકાયદે લાયસન્સ વીનાના ધીરધારો સામે કાર્યવાહીની કવાયત શરૂ કરવામાં આવશે. ભરૂચ એસપી ડો. લીના પાટીલે જણાવ્યું હતું કે, જે લોકો પાસે નાણા ધીરધાર તરીકેનું લાયસન્સ નહીં હોય અને તેમ છતાં લોકોને વ્યાજના ચક્કરમાં ફસાવતાં હોય તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

ધંધા-રોજગાર, પરિવારમાં કોઇ બિમારી, સામાજિક પ્રસંગો કે અન્ય કોઇ કારણોસર મોટી રકમની જરૂરિયાત સર્જાતાં સામાન્ય લોકો પોતાની વિકટ સ્થિતીમાંથી બહાર નિકળવા માટે મિત્રો-કુટુંબીજનો કે પછી ધીરધારનો વ્યવસાય કરનારાઓ પાસેથી વ્યાજેથી રૂપિયા લેતાં હોય છે. એક સમસ્યામાંથી નિકળવા માટે વ્યાજના ચુંગાલમાં ફસાયેલાં લોકો વ્યાજખોરોના ગણિતમાં એવા ફસાઇ જતાં હોય છે કે કેટલાંક કિસ્સાઓમાં લોકો આપઘાતનો રસ્તો અપનાવતાં હોય છે તો કેટલાંક લોકોનું આખુ પરીવાર વ્યાજના ચક્કરમાં ચુંથાઇ જતું હોય છે. જેના પગલે ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા લાયસન્સ વિનાના અને નિયમ કરતાં વધુ પ્રમાણમાં વ્યાજ લેતા ધીરધારો સામે કડક કાર્યવાહીની સુચના આપવામાં આવી છે. જેના ભાગરૂપે રાજ્યભરમાં પોલીસ દ્વારા વ્યાજખોરોના ચુંગાલમાં ફસાઇને જે લોકોની હાલત બદતર થઇ છે તેઓની ફરિયાદ નોંધી કાર્યવાહીની કવાયત હાથ ધરવામાં આવી છે. ભરૂચ એસપી ડો. લીના પાટીલે જણાવ્યું હતું કે, જિલ્લામાં લાયસન્સ ન હોવા છતાં ધીરધારનો ધંધો કરનાર સામે કાર્યવાહીની ડ્રાઇવ યોજવામાં આવી છે. જેમાં સરકાર દ્વારા ગુજરાત નાણાં ધીરધાર અધિનિયમ મુજબ સિક્યુરીટી વિના 15 ટકા અને સિક્યુરિટી સાથે 12 ટકાથી વધુ વ્યાજ લેનાર સામે પણ પણ કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે.

## તો તમે પોલીસનો સંપર્ક કરી શકશો

વ્યાજખોરના ચુંગાલમાં ફસાયેલાં લોકો પાસે લેણદેણનું જે પણ લખાણ થયું હશે તે દસ્તાવેજો તેમજ વ્યાજે રૂપિયા આપનાર શખ્સ પાસે લાયસન્સ છે કે કેમ તેની વિગતો મેળવી તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. જે લોકોએ વ્યાજ પર રૂપિયા લીધાં હોય અને તેમનું શોષણ થતું હોય તો તેઓએ ભરૂચ કન્ટ્રોલરૂમના નંબર પર અથવા તો જે તે વિભાગના ડીવાયએસપીને પણ પોતાની ફરિયાદ નોંધાવી શકે છે. પોલીસ કાયદાકિય કલમો હેઠળ તેમની સામે ગુનો નોંધી કાર્યવાહી કરશે.» ડો. લીના પાટીલ, એસપી, ભરૂચ.

## ફાયનાન્સરનું ઓડિટ કોણ કરે?

ગુજરાત રાજ્યમાં છેલ્લે 1986માં ઓડિટરોની નિમણૂંક કરવામાં આવી હતી, ત્યારબાદ નવા ઓડિટરોની નિમણૂંક કરાઈ ન હોઈ હાલમાં ક્રેડિટ સોસાયટી અને કો.ઓ. બેન્કોનું ઓડિટ પણ પાંચ, છ વર્ષે એકવાર થાય છે. આ સ્થિતિમાં ફાયનાન્સરનું ઓડિટ કોણ કરે? તે મૂંજવતો પ્રશ્ન હોવાનું કચેરીના સૂત્રોએ જણાવ્યું હતું.

**DATE: 06/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## બુટલેગર પોલીસને જોઇ ફરાર થઇ ગયો

# માલીપીપર ગામેથી 47 હજારનો દારૂ ઝડપી પડાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ઝઘડિયા તાલુકાના રાજપારડી પાસે આવેલાં માલીપીપર ગામે શેરડીના ખેતરમાં સંતાડેલો 47 હજારનો દારૂ પોલીસે ઝડપી પાડયો છે જ્યારે ફરાર થઈ ગયેલાં બુટલેગરને ઝડપી પાડવા કવાયત હાથ ધરવામાં આવી છે.

વડોદરાના રેંજ આઈજી સંદિપસીંગ તથા ભરૂચ એસપી લીના પાટીલની સીધી સુચનાથી પોલીસની ટીમો બુટલેગરો સામે તવાઇ બોલાવી રહી છે. રાજપારડીના પીએસઆઈ રાઠોડ તથા તેમની ટીમને રાજપારડી પાસે આવેલાં માલીપીપર ગામની સીમમાં આવેલાં શેરડીના ખેતરમાં મુકેશ વસાવા નામના બુટલેગરે દારૂનો જથ્થો સંતાડયો હોવાની બાતમી મળી હતી. પોલીસે સ્થળ



પર દરોડો પાડી ખેતરની તલાશી લેતાં તેમાંથી વિદેશી દારૂની 377 જેટલી બોટલો મળી આવી હતી. પોલીસે 47 હજાર રૂપિયાની કિમંતની બોટલો કબજે કરી હતી. પોલીસની કાર્યવાહી દરમિયાન બુટલેગર મુકેશ વસાવા ફરાર થઈ ગયો હતો. પોલીસે ફરાર થઇ ગયેલાં બુટલેગરને ઝડપી પાડવા માટે કવાયત હાથ ધરી છે. ઝઘડિયા, વાલિયા અને નેત્રંગ તાલુકામાં શેરડીનું વાવેતર વધારે થતું હોવાથી બુટલેગરો શેરડીના ખેતરોમાં દારૂ સંતાડવાનું વધારે પસંદ કરતાં હોય છે.

**DATE: 07/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**

# સગાઈ તૂટી જતાં ફેક એકાઉન્ટ બનાવી મેસેજ કરતો યુવાન સાત વર્ષે ઝડપાયો

## **ભરૂચની** મહિલા સાથે બદલો લેવા પરિવારને નિશાન બનાવ્યું



ભરૂચ: ફેક ફેસબુક એકાઉન્ટ બનાવી ફેસબુક સાઇટ ઉપર ફરિયાદી તથા ફરિયાદીના પરિવારના સભ્યોના ફોટા મેળવી તેમાં એડિટિંગ કરી અશ્લીલ ફોટા બનાવી ફેસબુક એકાઉન્ટની ટાઇમલાઇન ઉપર અપલોડ કરવામાં આવી રહ્યા હતા. સાઇબર ક્રાઇમ પોલીસે એક્શન લઇ ટેક્નિકલ એનાલિસિસ સાથે હ્યુમન ઇન્ટેલિજન્સ સાથે તપાસ શરૂ કરી હતી. ભરૂચના પરિવારને 7 વર્ષથી ફેક ફેસબુક આઈડી દ્વારા પરેશાન કરતા શખ્સને ભરૂચ જિલ્લા સાયબર ક્રાઇમ પોલીસે ઝડપી પાડી લોકઅપ ભેગો કરી દીધો છે. આરોપી સોશિયલ મીડિયાના માધ્યમથી ભોગ બનનાર પરિવારના સભ્યોના બીભત્સ ફોટો બનાવી સોશિયલ મીડિયા પર વાયરલ કરી બદનામ કરતો હતો.

વર્ષ-2015થી ચાલતા આ સિલસિલામાં પરિવારે 3 ફરિયાદ નોંધાવી હતી. સાઇબર ક્રાઇમ પોલીસે એક્શન લઇ ટેક્નિકલ એનાલિસિસ સાથે હ્યુમન ઇન્ટેલિજન્સના આધારે આરોપીની મોટારેહા ગામ-ભુજ ખાતેથી ધરપકડ કરી હતી. ધરપકડ કરાયેલા આરોપી સતુભા સોમુભા માધુભા જાડેજા (ઉ.વ.૩૫) (રહે.,વંડી ફળિયું, મોટા રેહા, તા.ભુજ, જિ.કચ્છ) નું ફરિયાદીની પત્ની સાથે સગપણ તૂટી ગયું હતું. જે બાદ બદલો લેવા તે છેલ્લાં ૭ વર્ષથી આ કૃત્ય કરી રહ્યો હતો. મામલાની તપાસ ભરૂચ જિલ્લા સાયબર ક્રાઇમ પોલીસને સોંપવામાં આવતાં ભુજના સતુભા જાડેજાની હરકત સામે આવી હતી.

**DATE: 07/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–12**

## ભરૂચમાં પોલીસ તંત્ર દ્વારા લોક દરબાર યોજાયો

# લોકોએ સૂચનો કર્યા, જ્યારે પોલીસ તંત્રએ સહકાર માગ્યો



। ભરૂચ ।

ભરૂચ પોલીસ તંત્રના ભરૂચ સીટી એ.ડીવીઝન પોલીસ મથક ખાતે ભરૂચ સીટી એ.ડીવીઝન પોલીસ અને બી. ડીવીઝન પોલીસ વિસ્તારના લોક દરબારનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ લોક દરબારમાં ભરૂચ જિલ્લા પોલીસવડા ડો.લીના પાટીલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે લોક દરબારમાં ઉપસ્થિત ભરૂચના અગ્રણી લોકો અને આગેવાનોના પ્રશ્નો અને સમસ્યાઓ સાંભળી હતી તેમજ સમસ્યાના નિવારણ માટે લોકોના સહકારની માંગણી અને અપેક્ષા પણ રાખી હતી.

ભરૂચ જિલ્લા પોલીસવડાએ જણાવ્યુ હતુ કે, લોક દરબારમાં જે સમસ્યાઓ રજૂ કરવામાં આવી તેમાં ટ્રાફીકની સમસ્યા મુખ્ય કહી શકાય. ટ્રાફીકની સમસ્યા ભરૂચ નગર ખાતે છે તેને નિવારવા માટે પોલીસ તંત્ર દ્વારા ચોક્કસ રીતે કામગીરી કરવામાં આવશે ત્યારે બીજી તરફ વાહનચાલકો એટલે કે લોકોએ પણ રોંગસાઈડ વાહન હાંકવાની તેમજ ગમે ત્યાં વાહનો પાર્ક કરવાની આદતો છોડી પોલીસ તંત્રને સહકાર આપવો પડશે.

વધુમાં જણાવ્યુ હતુ કે, ભરૂચ નગરમાં લોકો સૌથી વધુ રોંગસાઈડ વાહન હંકારતા હોય તેવુ જણાય રહ્યુ છે જેના પગલે ટ્રાફીકની સમસ્યા વધુ જટીલ બની છે. આ ઉપરાંત લોકો દ્વારા અન્ય પ્રશ્નો પણ રજૂ કરવામાં આવ્યા હતા જે અંગે પણ પોલીસ તંત્ર દ્વારા હકારાત્મક જવાબો અને અભિગમ અપનાવવામાં આવશે તેમ જણાવાયુ હતુ. આ લોક દરબારમાં પોલીસ તંત્ર તરફથી પોલીસવડા ડો.લીના પાટીલ ઉપરાંત ડીવાયએસપી સી.કે.પટેલ, એ. ડીવીઝન પીઆઈ પી.આર.વાઘેલા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

**DATE: 07/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### બે શખ્સો સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધાયો

# જંબુસરના બે ગામમાંથી ચાઈનીઝ દોરી ઝડપાઈ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

જંબુસર તાલુકામાં આવેલાં કારેલી તેમજ વેડચ ગામેથી પોલીસે બે શખ્સોને ચાઈનીઝ દોરીનો વેપલો કરતાં ઝડપી પાડ્યાં હતાં.

કાવી પોલીસની ટીમે ઉત્તરાયણ નિમિત્તે તેમના વિસ્તારમાં કોઈ ચાઈનીઝ દોરીનું વેચાણ ન કરે તે માટેનું ચેકીંગ હાથ ધર્યું હતું. દરમિયાનમાં વેડચ ગામના બસ સ્ટેન્ડ પાસે એક શખ્સ વિમલના થેલામાં કંઈક ભરીને બેઠો હોઈ શંકાના આધારે તેની પુછપરછ કરતાં તેનું નામ સંજય ભુપેન્દ્ર ચૌહાણ (રહે. રામપુર, આણંદ) હોવાનું માલુમ પડ્યું હતું. જ્યારે તેના થેલાની તપાસ કરતાં તેમાંથી ચાઈનીઝ દોરીની કુલ 5 હજારના મત્તાની 25 બોબીન મળી આવી હતી. અરસામાં વેડચ પોલીસની બીજી ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, કારેલી ગામે ડભાસીયાવાડ ખાતે રહેતો સંજય ઉર્ફે કોયો બાબર ફુલમાળી તેના ઘરના ઓટલા પર બેસી ચાઈનીઝ દોરીનું વેચાણ કરે છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડી તેને ઝડપી પાડી તેનીપાસેથી 1500ની મત્તાની ચાઈનીઝ દોરાની 6 રીલ જપ્ત કરી હતી. બન્ને બનાવને પગલે વેડચ પોલીસે જાહેરનામા ભંગનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 07/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# વાલિયા ચોકડીએથી દારૂ સાથે બે ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર વાલિયા ચોકડી વિસ્તારમાં એલસીબી પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી આધારિત મહિલા નજરે પડતા એલસીબી પોલીસની ટીમ મહિલા તેમજ તેની સાથે રહેલા ઈસમના સરસામાન નું સર્ચ કરતા અંદર થી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે થેલા માંથી દારૂની 34 બોટલ કિંમત રૂપિયા 23 હજારનો મુદામાલ જપ્ત કર્યો હતો.નાસિકની વૈશાલી પાટીલ તેમજ વડોદરાના એન્થોની ભાગ્યસ્વામી ડેવીડની ધરપકડ કરી હતી. બંને આરોપીઓ ક્યાંથી દારૂ લાવ્યાં હતાં અને કોને આપવાના હતાં તે દિશામાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. વધુ પૂછપરછ ચાલુ છે જેમાં વધુ વિગતો બહાર આવશે.

### પોલીસે ગોડાઉન સંચાલકની અટક કરી તપાસ આદરી

# અંકલેશ્વરના આઝાદનગરમાંથી 300 કિલો કોપરનો જથ્થો મળ્યો

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે આઝાદનગર ખાતે તાજ એન્ટર પ્રાઈઝ માંથી 300 કિલો કોપર તાર નો જથ્થો જપ્ત કર્યો હતો. કોપર તાર નો જથ્થો ક્યાં થી લાવ્યો અને તેના બિલ ના રજૂ કરતા પોલીસે 1.50 લાખ રૂપિયા નો કોપર નો જથ્થો જપ્ત કર્યો હતો.

અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસની ટીમ ને માહિતી મળી હતી કે અંસાર માર્કેટના આઝાદ નગર ખાતે એક ઈસમ ઈલેક્ટ્રિકલ ટ્રાન્સફોર્મર માંથી કોપર વાયરોસળગાવી આગ કરી પ્રદુષણફેલાવી રહ્યો છે. જે આધારે પોલીસે સર્ચ કરતા વાયર ઓ જથ્થો બાળતા તાજ એન્ટરપ્રાઈઝ ના સંચાલક નિયાજ ખાન મોહમદ ઈઝરાયલખાન ને રંગેહાથ ઝડપી પાડ્યો હતો તેની પૂછપરછ કરતા સળગાવેલ કોપર ના જથ્થા અંગે કોઈ જ પુરાવો કે બિલ રજૂ ના કરી ગલ્લા-તલ્લા કરવા લાગતા પોલીસે કોપર નો જથ્થો ચોરી નો હોવાની શંકા એ 41 (1) ડી મુજબઅંદાજે 300 કિલો કોપર નો જથ્થો કિંમત રૂપિયા 1.50 લાખ નો જપ્ત કર્યો હતો તેમજ સી.આર.પી.સી 102 મુજબ નિયાજ ખાન મોહમદ ઈઝરાયલખાન ની ધરપકડ કરી વધુ પૂછપરછ આરંભી હતી. અત્રે ઉલ્લખનીય છે કે, અંકલેશ્વર તાલુકામાંથી છેલ્લા બે મહિનામાં અનેક સ્થળોએ તસ્કરો ટ્રાન્સફોર્મર તોડી તેમાંથી કોપર વાયરોની ચોરી કરીને ફરાર થઈ ગયાં છે. દરમિયાન બી ડિવિઝન પોલીસને કોપર વાયર અંગેની બાતમી મળી હતી જેના આધારે અંસાર માર્કેટમાં દરોડા પાડવામાં આવ્યાં હતાં. તાજ એન્ટરપ્રાઈઝમાં તપાસ કરવામાં આવતાં તેમાંથી 300 કીલો કોપરનો જથ્થો મળ્યો છે. આ જથ્થો ક્યાંથી આવ્યો તેની તપાસ પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે.

**DATE: 07/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### પ્રતિન ચોકડી અને વાલિયા ચોકડી પાસે પોલીસની ટીમો ઉતારી દેવામાં આવી

# અંકલેશ્વરમાં આડેધડ વાહન પાર્ક કરી દેનારાઓ પાસેથી દંડની વસૂલાત કરાઈ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ની પ્રતિન ચોકડી અને વાલિયા ચોકડી વિસ્તાર માં ભરૂચ જિલ્લા ટ્રાફિક પોલીસ અને અંકલેશ્વર બી ડીવીઝન પોલીસ ના સંયુક્ત ઉપક્રમે ટ્રાફિક ડ્રાઈવ હાથ ધર્યું હતું જેમાં વાહન ચેકીંગ તેમજ ટ્રાફિક ને અડચણરૂપ પાર્ક કરેલ વાહન ચાલકો ઉપર તવાઈ બોલાવી વાહન ડિટેઈન સાથેદંડનીય કાર્યવાહી હાથ ધરી હતી

ભરૂચ જિલ્લા ટ્રાફિક પોલીસ ના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.કે. ગામીત તેમજ અંકલેશ્વર બી ડીવીઝન પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર વી.યુ ગડરિયા તેમજ જિલ્લા ટ્રાફિક પીએસઆઈ જે.પી ચૌહાણ સહિતના પોલીસ કર્મચારીઓ એ અંકલેશ્વર ની પ્રતિન ચોકડી વિસ્તાર તેમજ વાલિયા ચોકડી વિસ્તારમાં ટ્રાફિક ડ્રાઈવ હાથ ધર્યું હતું જેમાં વાહન ચેકીંગ સહીત લાઈસન્સ તેમજ વાહન ના દસ્તાવેજ ચેક કરવામાં આવ્યા હતા ,સાથે ટ્રાફિકને અડચણરૂપ આડેધડ પાર્ક કરેલ વાહન ચાલકો ઉપર તવાઈ બોલાવી હતી સાથે માર્ગ ઉપર ટ્રાફિક ને નડતર રૂપ લારીઓ તેમજ પથારા વાળા ને પણ દૂર ખસેડી માર્ગ ને ખુલ્લો કર્યો હતો સાથે કેટલાક વાહનો ને ડિટેઈન કરી દંડનીય કાર્યવાહી હાથ ધરી હતી. અંકલેશ્વરની વાલિયા અને પ્રતિન ચોકડી પાસે ટ્રાફિકની સમસ્યા વિકટ બની છે. ગમે ત્યાં



ટ્રાફિક ને અડચણરૂપ પાર્ક કરેલ વાહન ચાલકો ઉપર તવાઈ બોલાવાઈ

વાહનો પાર્ક કરી દેવામાં આવતાં હોવાથી અન્ય લોકોને ભારે હાલાકી ભોગવી રહયાં છે. ભરૂચ જિલ્લા ટ્રાફિક પોલીસની ટીમ વાલિયા ચોકડી અને પ્રતિન ચોકડી વિસ્તારમાં ઉતરી પડી હતી અને નિયમોનો ભંગ કરનારા વાહનચાલકો સામે તવાઈ બોલાવી દીધી હતી. પોલીસે વાહનચાલકો પાસેથી સ્થળ પર દંડ વસુલ્યો હતો અને આરટીઓના મેમા પણ આપ્યાં હતાં જેથી વાહનચાલકોમાં દોડધામ મચી હતી.

### એસઓજી તેમજ સ્થાનિક પોલીસની કાર્યવાહી

# ભરૂચ શહેરમાં ત્રણ સ્થળેથી ચાઈનીઝ દોરી વેચતાં 3 ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચમાં એસઓજી તેમજ સ્થાનિક પોલીસે પણ ઝૂંબેશને આગળ વધાવી છે. જેના ભાગરૂપે ભરૂચ એસ.ઓ.જી.પોલીસે જ્યોતિ નગર પાસે મહાદેવ મંદિર નજીક આવેલા પતંગના સ્ટોલમાં તપાસ કરતા તેમાં ચાઈનીઝ દોરીના પ્રતિબંધિત 6 નંગ ફિરકા મળી આવતાં 3 હજારનો મુદ્દામાલ કબજે કરી મહાદેવ નગરમાં રહેતો મહેશ ઉર્ફે કાલુ દિલીપ પટણીની ધરપકડ કરી છે. સી ડીવીઝન પોલીસે તુલસીધામ ત્રણ રસ્તા પાસે આવેલ બાઈક ઉપર ચાઈનીઝ દોરીનું વેચાણ કરે છે જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા પોલીસે સ્થળ પરથી ચાઈનીઝ દોરીની 6 નંગ બોબીન મળી 2 હજારથી વધુનો મુદ્દામાલ કબજે કરી ભરૂચના શક્તિનાથ વિસ્તારમાં આવેલ દેવભૂમિ સોસાયટીમાં રહેતા હરિઓમ ઉર્ફે હરી કમલેશ માછીને ઝડપી પાડ્યો હતો. ઉપરાંત નવજીવન સ્કુલ પાછળ ઝૂપડ પટ્ટીમાં ગલ્લામાંથી 4 નંગ બોબીન સાથે સંજય ડાહ્યા પટેલને ઝડપી પાડ્યો હતો. તો જંબુસરના કારેલી ગામના ડભાસીયાવાડમાંથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીની 6 નંગ રીલ સાથે સંજય ઉર્ફે કોયો બાબર ફુલમાળીને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે.પોલીસ કાર્યવાહીના પગલે ફફડાટ છે.

### સામાન ખરીદ્યો પણ પૈસા આપ્યાં ન હતાં

# અંકલેશ્વરમાં 20 લાખની ઠગાઈ કરનાર વેપારી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના ન્યુ ઇન્ડિયા માર્કેટ માં ભંગારના વેપારીએ અન્ય વેપારીને 20 લાખ રૂપિયા નો ચૂનો ચોપડ્યો હતો. ભંગાર નો જથ્થો લીધા બાદ રૂપિયા ના ચૂકવી રફુચક્કર થઇ જતાં ભોગ બનેલાં વેપારીએ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

અંકલેશ્વર જીઆઈડીસી માં આવેલ ન્યુ ઈન્ડિયા માર્કેટ ખાતે એ.કે. એસ. ટ્રેડર્સ નામની દુકાન ધરાવતા ઈસરાર એહમદ જરાર ખાન પાસેથી તયબા એન્ટર પ્રાઈઝના સંચાલક અબ્દુલ વહાબ મુસાનો અને અસ્ફાક મુસાનો ધંધાકીય સંબંધ વિકસાવી વિવિધ ભંગાર નો જથ્થો ખરીદી કરતો હતો.

2022 માં ઈસરાર ખાન પાસે થીકોપર સ્ક્રેપ, એસ.એસસ્ક્રેપ, એમ.એમ સ્ક્રેપ, ખરીદ કર્યો હતો જેની કિમંત 20.22 લાખ રૂપિયા થતી હતી. જે રૂપિયા માગતા જ અબ્દુલ વહાબ મુસાનો અને અસ્ફાક મુસાએ ગલ્લા-તલ્લા કરવા લાગ્યા હતા અને રૂપિયા નહિ ચૂકવી અચાનક ધંધો સમેટીને ચાલ્યા ગયા. હતા.

જેને લઈ પોતાની સાથે છેતરપિંડી થઇ હોવાની ફરિયાદ 27 મી ડિસેમ્બર 2022 ના રોજ જીઆઈડીસી પોલીસ મથકે આપી હતી.

દરમિયાન ગત રોજ પોતાની સાથે છેતરપિંડી કરનાર અબ્દુલ વહાબ મુસા આવ્યો હોવાની માહિતી આધારે ભંગારના વેપારી ઓ એ તેને શોધી કાઢ્યો હતો ને જી.આઈ.ડી.સી પોલીસ ના હવાલે કર્યો હતો. પોલીસે આરોપી ની વધુ પૂછપરછ શરૂ કરી દીધી છે.

**DATE: 08/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### પોલીસે 22 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

# ત્રણકુવા રેલવે ફાટક પાસે જુગાર રમતાં 3 ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના ત્રણકુવા રેલવેફાટક પાસે રેહાનનગર નજીક કેટલાંક શખ્સો જુગાર રમતાં હોઈ બી ડિવિઝન પોલીસે સ્થળ પર દરોડો પાડી 3 જણાને ઝડપી પાડ્યાં હતાં. પોલીસે તેમની પાસેથી કુલ 22 હજારની મત્તાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બનાવ સંદર્ભે બી ડિવિઝન પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ બી ડિવિઝન પોલીસની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, રેલવે ફાટક પાસે રેહાનનગર નજીક કેટલાંક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી છે. જેના પગલે તેમણે સ્થળ પર દરોડો પાડ્યો હતો. ટીમે જુગાર રમતાં મુજીબાર નિઝામકાલા કાજી બંગાળી, મોહમદ સોબરાતી મોહમદ બશીર બિહારી તેમજ મોહમદ જકીઆલમ મહંમદ રોશન શેખ બિહારી નામના ત્રણ જુગારિયાઓને ઝડપી પાડ્યાં હતાં. ટીમે તેમની પાસેથી દાવ પર લાગેલાં 3400 તેમજ અંગ ઝડતીમાંથી મળેલાં 8620 રૂપિયા તથા 2 મોબાઈલ સહિત કુલ 22 હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે ત્રણેય જુગારિયાઓ વિરૂદ્ધ જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જંબુસર બાયપાસ ચોકડી વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી અસામાજીક પ્રવૃતિઓએ માઝા મુકી છે જેના કારણે સ્થાનિક રહીશો ત્રાહિમામ પોકારી ઉઠયાં છે. પોલીસ આવી પ્રવૃતિઓને કડક હાથે ડામે તે જરૂરી છે.